**Gujarat Samachar Pg 7, 19th July 2022**

# આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૧,૯૫૩ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ, તા. ૧૮ : સોમવારે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં નોંધપાત્ર ઉછાળો આવતાં બિટકોઇન મહિનામાં પહેલીવાર ૨૨,૨૦૦ ડોલરની ઉપર ટ્રેડ થવા લાગ્યો હતો. રોકાણકારો એસ્ટોક્સમાં થઈ રહેલી વૃદ્ધિને અનુસરીને ક્રીપ્ટોમાં રસ વધાર્યો છે અને વધુ જોખમ લેવાની તૈયારી દેખાઈ રહી છે.

અમેરિકામાં એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સની સાથે જોડાયેલા ફ્યુચર્સમાં ૦.૭ ટકાની વૃદ્ધિ થઈ હતી, જ્યારે ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજના ફ્યુચર્સમાં ૦.૬ ટકા અને નાસ્દાક ૧૦૦ના ફ્યુચર્સમાં ૧.૧ ટકાનો વધારો થયો હતો. હવે ગોલ્ડમેન સાક્સ અને બેન્ક ઓફ અમેરિકાનાં સારાં આર્થિક પરિણામો આવવાની ધારણા છે. ડોલર કેટલીક કરન્સીની સામે નબળો પડ્યો તેની સકારાત્મક અસર પણ ક્રીપ્ટોકરન્સી પર પડી છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૬.૬૫ ટકા (૧,૯૫૩ પોઈન્ટ) ઉછળીને ૩૧,૩૧૫ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૯,૩૬૩ ખૂલીને ૩૧,૪૦૭ સુધીની ઉપલી અને ૨૮,૭૧૧ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.